મૂર્તિપૂજા

લેખક

યોગાચાર્ય સ્વામી કૃપાલ્વાનંદ

શ્રી કાયાવરોહણ તીર્થ સેવા સમાજ

કાયાવરોહણ

પ્રકાશક અને મુદ્રક :
શ્રી રમણભાઈ હીરાભાઈ પટેલ
ટ્રસ્ટી :
શ્રી કાયાવરોહણ તીર્થ સેવા સમાજ
કાયાવરોહણ, ૩૯૧ ૨૨૦
જિ. વડોદરા, ગુજરાત

*

કિંમત : રૂ. ૧-૫૦
પ્રથમાવૃત્તિ : ૨૦૦૦ પ્રત
: ૧૯૭૮
સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

*

મુદ્રણસ્થાન :
તલાટી પ્રિન્ટર્સ
આજવા રોડ, વડોદરા.
ફોન : ૫૨૨૫૯

જય ભગવાન

મૂર્તિપૂજા

ૐ નમઃશિવાય ગુરવે સચ્ચિદાનન્દ મૂર્તયે ।
નમસ્તસ્મૈ નમસ્તસ્મૈ નમસ્તસ્મૈ નમોનમઃ ॥

અસતો મા સદ્ ગમય । તમસો મા જ્યોતિર્ગમય । મૃત્યોર્મા અમૃતં ગમય ।

પ્રિય શિષ્ય-શિષ્યાઓ, શ્રી હરિ પ્રેમી સજ્જનો, બન્ધુ-ભગિનીઓ તથા અન્ય સર્વ,

સપ્રેમ વારંવાર જય ભગવાન.

આજના મારા પ્રવચનનો વિષય છે મૂર્તિપૂજા. પ્રિયતમ પ્રભુજીના પ્રતીકને પ્રત્યક્ષ પ્રભુ માની તેની સાથે પ્રેમવ્યવહાર કરવો તેને મૂર્તિપૂજા કહે છે. મૂર્તિપૂજકોને 'ભકતો' કહેવામાં આવે છે. તેમની ઉપાસના પદ્ધતિનું નામ 'ભક્તિયોગ' છે. જોકે ભકતો પ્રભુમૂર્તિની પૂજા તો કરે છે પરંતુ તેઓ તેને 'મૂર્તિપૂજા' નથી કહેતા, 'પ્રભુપૂજા' કહે છે. 'મૂર્તિપૂજા' શબ્દનું સર્જન ભકતોએ કરેલું નથી પરંતુ દર્શકોએ કરેલું છે. એવો કોઈ દર્શક કહે કે જો પથ્થર પૂજવાથી જ પ્રભુ પ્રાપ્ત થતા હોય તો હું નાના નાના પથ્થરોને ત્યાગી પથ્થરોનો બનેલો કોઈ મોટો પર્વત પૂજવા તૈયાર

છું. તેના આ કથનનું બાહ્ય સ્વરૂપ સુન્દર પ્રતીત થાય છે પરંતુ વાસ્તવમાં તેનું અંતઃસ્વરૂપ અતિશય વિરૂપ છે. પૂજનમાં નાના મોટા પથ્થરનું મહત્ત્વ નથી; મહત્ત્વ છે ભાવનું. જેનામાં ભાવ નથી તે નાનો પથ્થર પૂજે કે પથ્થરોનો બનેલો કોઈ મોટો પર્વત; તેમાં કંઈ અંતર પડતું નથી.

મૂર્તિપૂજા ઈશ્વર સાથે સંકળાયેલી હોવાથી તેની ચર્ચા કરતાં પૂર્વે આપણે ઈશ્વરવિષયક આવશ્યક ચર્ચા કરી લેવી જોઈએ.

આ મૂર્તિપૂજાનું પ્રવચન માત્ર પ્રવચન નથી પરંતુ એક રહસ્યમય સંશોધન છે. આ કારણે મેં તેને આપ સર્વ સમક્ષ સંશોધનની દૃષ્ટિથી પ્રસ્તુત કર્યું છે. જો આપ તેને સ્વસ્થ ચિત્તે શ્રવણ કરશો તો મને શ્રદ્ધા છે કે આપને તેમાંથી નૂતન પ્રકાશની ઉપલબ્ધિ થયા વિના નહિ રહે. જોકે આ પ્રવચનને શક્ય તેટલું સરલ બનાવવાનો આયાસ કર્યો છે તથાપિ મેં જ્યાં જ્યાં ઈશ્વર અને યોગવિષયક શાસ્ત્રીય ચર્ચા કરી છે ત્યાં ત્યાં આપને થોડીક કઠિનતા પ્રતીત થવાનો સંભવ છે. શેષ મૂર્તિ વિશેની વિચારણા તો આપને સરળ, બુદ્ધિગમ્ય, વૈજ્ઞાનિક અને પ્રિય પ્રતીત થશે એમાં મને લેશ પણ શંકા નથી.

સામાન્યતઃ વિશ્વના ઈશ્વરવાદી ધર્મશાસ્ત્રો ઈશ્વરનો સ્વીકાર કરીને સૃષ્ટિસર્જનની ચર્ચાનો પ્રારંભ કરે છે. તેઓ ઈશ્વર હોઈ શકે અથવા ન હોઈ શકે, જો ઈશ્વર હોય તો તે કેવો હોય અને ન હોય તો વિશ્વનું તંત્ર શી રીતે સુવ્યવસ્થિત ચાલે ઇત્યાદિ પ્રશ્નોનું સમાધાન કરતા નથી. સનાતન ધર્મનાં વિવિધ ધર્મશાસ્ત્રોએ આવા અગણિત કૂટપ્રશ્નોની સમ્યક્ સમીક્ષા કરી છે, આ કારણે જે લોકો ઈશ્વરનું સત્ય સ્વરૂપ જાણવા ઇચ્છે છે તેમને તે શાસ્ત્રો અત્યંત

ઉપયોગી થઈ પડે તેમ છે. ઈશ્વરનો આવિષ્કાર યોગપારંગત યોગીઓએ કરેલો છે. તેઓ કહે છે, યોગ વિજ્ઞાન છે. એ યોગ વિજ્ઞાનનાં શાસ્ત્રોને મોક્ષશાસ્ત્રો કહેવામાં આવે છે. જો યોગ વિજ્ઞાન જ હોય તો કોઈ પણ દેશનો અને કોઈ પણ કાળનો ઉત્તમ યોગી આ ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકે.

ઈશ્વરની પ્રાપ્તિ તર્ક દ્વારા કદાપિ ન થઈ શકે, કારણ કે ઈશ્વર બુદ્ધિથી પર છે. બુદ્ધિ સાણશી જેવી છે. તે સમક્ષ રહેલી સમસ્ત વસ્તુને પકડી શકે છે, પરંતુ તે પોતાની પાછળ રહેલા બે હસ્તોને પકડી શકતી નથી. જ્યારે સમ્યક્ યોગ સાધના દ્વારા બહિર્મુખ મલિન બુદ્ધિ અંતર્મુખ તથા શુદ્ધ બને છે ત્યારે જ ઈશ્વરસાક્ષાત્કાર થાય છે. કેવલ શ્રદ્ધાથી સ્વીકારેલો ઈશ્વરવાદ કે કેવલ તર્કથી સ્વીકારેલો નિરીશ્વરવાદ એ આધ્યાત્મિક પ્રગતિનો પાયો અવશ્ય છે કિન્તુ સમ્યક્ યોગ સાધના વિના તેની યથાર્થતાનો નિર્ણય કરી શકાતો નથી.

હું અનુમાન કરું છું કે અખિલ વિશ્વમાં ઈશ્વરને માનનારો જનસમુદાય અતિવિશાલ હોવો જોઈએ. તે ભાવુક અને શ્રદ્ધાળુ હોવાથી સ્વાભાવિક રીતે ઈશ્વર પ્રતિ આકર્ષાય છે. અન્ય શબ્દોમાં એવું કહું તોપણ ચાલે કે તેણે કોઈની પ્રેરણા કે યુક્તિથી પ્રભાવિત થઈને ઈશ્વરને સ્વીકારેલો હોતો નથી, તેને જેમ પોતાના અસ્તિત્વ વિષે શંકા હોતી નથી તેમ ઈશ્વરના અસ્તિત્વ વિષે પણ શંકા હોતી નથી. આમ આ જનસમુદાય માત્ર સ્વકુટુંબમાંથી સંપ્રાપ્ત થયેલા સામાન્ય સંસ્કાર દ્વારા કે અંતઃપ્રેરણા દ્વારા ઈશ્વરને સ્વીકારીને તેની યથાશક્તિ ઉપાસના કરે છે. ઈશ્વર છે એવું માનીને વર્તવાથી કોઈને પણ કંઈ હાનિ થવાનો સંભવ નથી.

આ વર્ગ દૃઢતાથી માને છે કે ઈશ્વર સઘળું જુએ છે તેથી તેને નેત્રો હોવાં જોઈએ, સઘળું શ્રવણ કરે છે તેથી તેને કર્ણો હોવા જોઈએ; સંક્ષેપમાં ઈશ્વર સમગ્ર સૃષ્ટિનું સંચાલન કરતો હોવાથી તેને સમસ્ત ઇન્દ્રિયો હોવી જોઈએ; વેદો, ઉપનિષદો અને ગીતામાં ઈશ્વરને અનંત મસ્તક, અનંત મુખ, અનંત નેત્ર, અનંત હસ્ત અને અનંત પાદવાળો વર્ણવ્યો છે. કયાંક કયાંક એવું પણ કહ્યું છે કે આ મહાસમર્થ ઈશ્વર નેત્રો વિના નિહાળી શકે છે, કર્ણો વિના સાંભળી શકે છે, અરે ! એક પણ ઇન્દ્રિય વિના વિરાટ વિશ્વનું સમ્યક્ સંચાલન કરી શકે છે. નિખિલ વિશ્વના સમસ્ત ભક્તોએ વેદો, ઉપનિષદો અને ગીતાના આ મહાન સત્યને વાંચ્યા-સાંભળ્યા વિના માત્ર અંતઃપ્રેરણા દ્વારા પ્રાપ્ત કરેલું હોય છે. એટલું જ નહિ, તેમની માન્યતામાં બીજું પણ એક પરમ અને ચરમ સત્ય સુસ્થિર થઈ ગયું હોય છે કે જેમ દૂધમાં નવનીત દૃષ્ટિ-ગોચર થતું નથી તેમ વપુમાં વિભુ દૃષ્ટિગોચર થતો નથી. આમ છતાં જેમ મથનવિધિ દ્વારા દૂધમાંથી નવનીત સિદ્ધ કરી શકાય છે તેમ યોગવિધિ દ્વારા વપુમાંથી વિભુ સિદ્ધ કરી શકાય છે. જલ, દૂધ, તેલ ઇત્યાદિ પ્રવાહી દ્રવ્યો દૃશ્ય હોવા છતાં આકારરહિત હોય છે, પરંતુ તે દ્રવ્યોને જેવા આકારવાળાં પાત્રોમાં ભરીએ છીએ તેઓ તેવા આકારવાળાં નયનગોચર થાય છે. તે જ રીતે અરૂપી ઈશ્વર ભક્તનો જેવો ભાવ હોય છે તેવું રૂપ ધારણ કરે છે.

મારી ધારણા છે કે અખિલ વિશ્વમાં વિજ્ઞાનને માનનારો કર્મઠોનો જનસમુદાય ભાવુક ભક્તો કરતાં નાનો હશે. અને તર્કને માનનારો જ્ઞાનીઓનો જનસમુદાય વિજ્ઞાનને માનનારા કર્મઠોના જનસમુદાય કરતાં પણ નાનો હશે. તટસ્થ રહેનારા વિજ્ઞાનવાદીઓ તો સમ્યક્ પ્રયોગના અંતે પ્રાપ્ત થયેલા સમ્યક્ પરિણામને જ

સત્કારે છે. આ કારણે તેઓ આરંભમાં શ્રદ્ધાથી ઈશ્વરને સ્વીકારી લેતા નથી. પરંતુ જો ક્રિયાયોગના અંતે ઈશ્વર સિદ્ધ થાય છે તો જ સ્વીકારે છે. તદ્વત્ કર્મ અને ભાવને મહત્ત્વ ન આપનારા તાર્કિકો સર્વપ્રથમ ઈશ્વરને સુતર્કો દ્વારા કસી જુએ છે અને જો તેનું અસ્તિત્વ સુસંગત જણાય છે તો જ કર્મ અને ભાવનો આશ્રય લઈ તેને સિદ્ધ કરવાનો આયાસ કરે છે.

વેદો, ઉપનિષદો, પુરાણો, મહાભારત, રામાયણ ઇત્યાદિ શ્રેષ્ઠ અને શ્રદ્ધેય શાસ્ત્રગ્રન્થોમાં ઈશ્વરનો સ્વીકાર કરેલો છે. ષટ્દર્શન – સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા અને ઉત્તર-મીમાંસા અથવા વેદાન્ત –માં પ્રથમનાં બે દર્શનોને નિરીશ્વર સાંખ્ય દર્શન અને બાકીનાંને સેશ્વર સાંખ્ય દર્શન કહેવામાં આવે છે. આ બંને દર્શનોમાં સમાનતા અધિક છે. 'નિરીશ્વર સાંખ્ય દર્શન' ઈશ્વરનો સ્વીકાર કરતું નથી અને 'સેશ્વર સાંખ્ય દર્શન' ઈશ્વરનો સ્વીકાર કરે છે. આ એમની મધ્યનું પ્રધાન અંતર છે.

ષટ્દર્શનોમાં વિવિધ નિર્ણયોનો ઉદારતાપૂર્વક સમાવેશ કરવામાં આવ્યો છે અર્થાત્ સત્યની પ્રાપ્તિ અર્થે સમસ્ત દિશાઓને મુક્ત જ રાખી છે. કોઈ પણ દિશામાં ભીંત ઊભી કરવામાં આવી નથી. કોઈ પણ નિર્ણયની ઉપેક્ષા કરવામાં આવી નથી. વિવિધ નિર્ણયોને તટસ્થ ભાવે નિરખવામાં આવ્યા છે અને તેમનો સંગ્રહ કરવામાં આવ્યો છે. ફલતઃ સત્યોપાસકને સર્વના નિર્ણયો પર વિચારણા અને પ્રયોગ કરવાની અનુકૂલતા પ્રાપ્ત થાય છે.

નિરીશ્વર સાંખ્ય દર્શનમાં કુલ પચીસ તત્ત્વો – પ્રકૃતિ, ચિત્ત, અહંકાર, પંચ તન્માત્રા – શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, પંચજ્ઞાને-ન્દ્રિય – કર્ણ, ત્વચા, નેત્ર, જિહ્વા અને નાસિકા, પંચ કર્મેન્દ્રિય –

વાક, પાણિ, પાદ, ઉપસ્થ અને ગુદા, મન, પંચમહાભૂત – પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ તથા આત્મા – અને સેશ્વર સાંખ્ય દર્શનમાં કુલ છવીસ તત્ત્વોનો અંગીકાર કરવામાં આવ્યો છે. તેમાં એક ઈશ્વર તત્ત્વ અધિક છે.

સંક્ષેપમાં સેશ્વર સાંખ્યનાં છવીસ તત્ત્વોને ત્રણ કક્ષામાં વિભક્ત કરી શકાય અને તેમને ક્રમશઃ પરમેશ્વર, પુરુષ (આત્મા) અને પ્રકૃતિ સંજ્ઞા આપી શકાય. પરમેશ્વર અને પુરુષ તત્ત્વમાં એક એક તત્ત્વ અને પ્રકૃતિમાં ચોવીસ તત્ત્વો આવે. આ રીતે છવીસ તત્ત્વોનું વિભાજન થાય.

સેશ્વર સાંખ્ય દર્શનમાં ઈશ્વરનો પરિચય આ રીતે આપ્યો છે : જે કલેશ, કર્મ, વિપાક અને આશયથી રહિત છે તે પુરુષવિશેષ ઈશ્વર છે. અર્થાત્ ઈશ્વરમાં અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ નથી, સત્કર્મ અને દુષ્કર્મ નથી, તે કર્મોનાં પુણ્ય –પાપ રૂપી ફલો પણ નથી અને તે ફલોથી ઉત્પન્ન થતી વાસનાઓ પણ નથી – આમ ઈશ્વર જીવથી ભિન્ન છે. જીવ કલેશ, કર્મ, વિપાક અને આશયથી યુક્ત હોય છે. જ્યારે જીવ પ્રાકૃતિક – જે યોગીનું ચિત્ત આત્મામાં નહિ પરંતુ પ્રકૃતિમાં વિલીન થાય છે તે યોગીને પ્રકૃતિલીન યોગી કહે છે, વૈકારિક – જે યોગીનું ચિત્ત પ્રકૃતિના વિકારમાં વિલીન થાય છે તે યોગીને વિદેહલીન યોગી કહેવામાં આવે છે, દાક્ષિણ – સકામી સાધક યજ્ઞો દ્વારા જેમાં વિલીન થાય છે તેને દાક્ષિણબંધ કહે છે. આ ત્રિબંધોથી મુકત થાય છે ત્યારે તે મુકત કહેવાય છે. આ ત્રણે સ્થિતિઓને ત્રિબંધ માનવામાં આવે છે. તેના દ્વારા મુક્તિની પ્રાપ્તિ થતી નથી અર્થાત્ જન્મ-મરણ નાશ પામતાં નથી. મુકત પુરુષ પણ ઈશ્વર નથી. ઈશ્વર મુક્ત પુરુષથી પણ ભિન્ન છે.

ભક્તિયોગનો નિર્ણય છે કે ઈશ્વર સગુણ તથા સાકાર પણ છે અને નિર્ગુણ તથા નિરાકાર પણ છે. સગુણ અને સાકાર ઈશ્વરનો સાક્ષાત્કાર સબીજ સમાધિ – અપરાભક્તિમાં થાય છે.

. જીવનાં કર્મોની સંજ્ઞા 'કર્મ' અને ઈશ્વરનાં કર્મોની સંજ્ઞા 'લીલા' છે, તે લીલા અવિનાશી હોવાથી તેને 'નિત્યલીલા' કહેવામાં આવે છે. આ કારણે જ એ લીલાઓને વર્તમાનકાલના અને ભવિષ્યકાલના યોગીઓ અવલોકી શકે છે. જો યોગ વિજ્ઞાન ન હોત તો આવી શકયતા કદાપિ ન સંભવી શકત. જીવ સ્વપ્રકૃતિને વશ થઈને જન્મે છે તેથી તે બંધાય છે અને ઈશ્વર સ્વપ્રકૃતિને વશ રાખીને અવતરે છે તેથી તે કદાપિ બંધાતો નથી.

સબીજ સમાધિ – અપરાભક્તિ –નો સાધક ધ્યાનમાં દિવ્યદૃષ્ટિ દ્વારા ભગવાનની નિત્યલીલાઓ નીરખે છે અને તેનાથી તેનાં તન–મનની વિશુદ્ધિ થાય છે. સબીજ સમાધિનો અંતર્ભાવ ક્રિયાયોગ અથવા સેશ્વર સાંખ્યમાં કરવામાં આવે છે. આ ભૂમિકામાં ચિત્તનું અસ્તિત્વ રહેતું હોવાથી દ્વૈતનો અનુભવ થાય છે. દ્વૈત હોય તો જ જીવ ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકે. કિન્તુ આ સાક્ષાત્કારની ભૂમિકા તે અંતિમ ભૂમિકા નથી.

નિર્ગુણ અને નિરાકાર ઈશ્વરની અનુભૂતિ નિર્બીજ સમાધિ –પરાભક્તિમાં થાય છે. તેમાં જીવ અને ઈશ્વર એક થઈ જાય છે અર્થાત્ બિન્દુ સિન્ધુમાં સમાઈ જાય છે. તે પછી દ્વૈત અને અદ્વૈત – આ બંને રહેતાં નથી. જો એમ કહીએ કે માત્ર અદ્વૈત જ રહે છે તો અનુભવીનું અસ્તિત્વ પૃથક માનવું પડશે. જ્યાં અનુભવી જ હોતો નથી ત્યાં અનુભવની વિદ્યમાનતા અસંભાવ્ય છે. આ ભૂમિકા જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગની ચરમસીમા છે. તેમાં

મનનું અસ્તિત્વ રહેતું નથી. અર્થાત્ ચિત્તની સમસ્ત વૃત્તિઓનો વિરોધ થઈ જાય છે. ભક્તિમાર્ગ આ અવસ્થાને 'મહાભાવ' કહે છે. ચિત્તની આ સર્વોચ્ચ ભૂમિકા જ વિશ્વના સમસ્ત શ્રેષ્ઠ યોગોનું પૂર્ણ વિરામ છે. એનાથી પર કોઈ સ્થિતિ શક્ય જ નથી.

નિરીશ્વર સાંખ્ય દર્શન ઈશ્વરનો સ્વીકાર કરતું નથી તેનું કારણ એ છે કે ઈશ્વરના સ્વીકારમાં જીવના અસ્તિત્વની અપેક્ષા રહે છે. પરંતુ જીવ જ્યારે ભક્તિયોગની અંતિમ ભૂમિકામાં ઈશ્વરમાં વિલીન થઈ જાય છે ત્યારે દ્વૈત રહેતું નથી. દ્વૈત હોય તો જ ઈશ્વરનું અસ્તિત્વ માની શકાય પરંતુ જ્યારે જીવ અને જગત વિનાનો એકલો ઈશ્વર રહે ત્યારે તેને ઈશ્વર સંજ્ઞા કયા આધાર પર આપી શકાય ? સંક્ષેપમાં એમ કહી શકાય કે સેશ્વર સાંખ્ય નિરીશ્વર સાંખ્યની પ્રારંભિક ભૂમિકા છે અને નિરીશ્વર સાંખ્ય સેશ્વર સાંખ્યની અંતિમ ભૂમિકા છે.

અઢાર પુરાણો, વિષ્ણુ, પદ્મ, બ્રહ્મ, શિવ, ભાગવત, નારદ, માર્કંડેય, અગ્નિ, બ્રહ્મવૈવર્ત, લિંગ, વરાહ, સ્કંદ, વામન, કૂર્મ, મત્સ્ય, ગરુડ, બ્રહ્માંડ અને ભવિષ્ય – તથા મહાભારત અને રામાયણમાં સેશ્વર સાંખ્ય દર્શનનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. વિશ્વમાં જ્યાં જ્યાં પણ ઈશ્વરવાદ પ્રવર્તે છે ત્યાં ત્યાં જાણ્યે-અજાણ્યે કોઈ ને કોઈ સ્વરૂપમાં આ સેશ્વર સાંખ્ય દર્શનના મૂળભૂત સિદ્ધાંતોને ન્યૂનાધિક પ્રમાણમાં સ્વીકારવામાં આવેલા હોય છે.

જો આપણે એવું સ્વીકારી લઈએ કે ઈશ્વર રૂપી બીજમાંથી જ વિરાટ વિશ્વની ઉત્પત્તિ થઈ છે તો તે અયથાર્થ નથી.

હવે શેષ રહ્યો પુરાણોના અધ્યયનથી ઉદ્ભૂત થયેલો એક

પ્રશ્ન – ઈશ્વર એક છે અથવા અનેક ? ભિન્ન ભિન્ન પુરાણોમાં ભિન્ન ભિન્ન દેવોને પરાત્પર બ્રહ્મપદ આપ્યું છે. શિવપુરાણમાં શિવને સર્વેશ્વર અથવા પરાત્પર બ્રહ્મ માન્યા છે, વિષ્ણુપુરાણમાં વિષ્ણુને અને ભગવતી ભાગવતમાં શક્તિને પરાત્પર બ્રહ્મપદ સમર્પ્યું છે. યજ્ઞવિધિમાં તો અગણિત દેવોના અસ્તિત્વનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અરે ! પુરાણો તો તેત્રીસ કોટિ દેવોનો નિર્દેશ કરતાં લેશ પણ સંકોચ પામ્યાં નથી.

ખરેખર ! આ જટિલ પ્રશ્ન છે. પરંતુ શાસ્ત્રદૃષ્ટિએ એમાં જટિલતા જેવું કાંઈ નથી. ઈશ્વર અથવા પરાત્પર બ્રહ્મ એક જ છે અને એક જ હોઈ શકે. કિન્તુ ભક્તોની દૃષ્ટિમાં તથા ગુણોની સૃષ્ટિમાં અગણિત ભાવભેદ અને ગુણભેદ હોવાથી એકત્વમાં અનંતત્વનો આભાસ થાય છે.

સમસ્ત દેવોમાં ત્રણ દેવો મુખ્ય છે – બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર. તેમાં રજોગુણના સ્વામી બ્રહ્મા, સૃષ્ટિનું સર્જન કરે છે; સત્ત્વગુણના સ્વામી વિષ્ણુ, બ્રહ્માની ઉત્પન્ન કરેલી સૃષ્ટિનું પરિપાલન કરે છે અને તમોગુણના સ્વામી મહેશ્વર, બ્રહ્માની ઉત્પન્ન કરેલી અને વિષ્ણુની પોષેલી સૃષ્ટિનો સંહાર કરે છે. આ ત્રણે દેવો કેવલ એક એક ગુણ પર પ્રભુત્વ ધરાવે છે. બ્રહ્મા સૃષ્ટિનું સર્જન કરી શકે છે પરંતુ પરિપાલન અને વિસર્જન કરી શકતા નથી, વિષ્ણુ સૃષ્ટિનું પરિપાલન કરી શકે છે પરંતુ સર્જન અને વિસર્જન કરી શકતા નથી તથા મહેશ્વર સૃષ્ટિનું વિસર્જન કરી શકે છે પરંતુ સર્જન અને પરિપાલન કરી શકતા નથી, જે દેવ પ્રકૃતિના ત્રણે ગુણોનો સ્વામી હોય છે તેને સર્વેશ્વર અથવા પરાત્પર બ્રહ્મ કહેવામાં આવે છે. પ્રાગુક્ત ત્રણે દેવો તેનાં ત્રણ અંગો જેવા અથવા ત્રણ

વિભિન્ન શક્તિ જોવા હોય છે. આ કારણે ઉપાસકો પોતપોતાના આરાધ્યદેવને સર્વેશ્વર અથવા પરાત્પર બ્રહ્મ માને છે. આમ સર્વેશ્વર અથવા 'પરાત્પર' બ્રહ્મનું નામ બ્રહ્મા, વિષ્ણુ, શિવ કે શક્તિ હોઈ શકે છે.

આ સમસ્ત દેવનો નિવાસ વિરાટ વિશ્વમાં પણ હોય છે અને જીવોના શરીરોમાં પણ હોય છે. યોગીઓ સ્વાધિષ્ઠાન ચક્રમાં બ્રહ્માનો, વિશુદ્ધાખ્ય ચક્રમાં વિષ્ણુનો અને આજ્ઞા ચક્રમાં મહેશ્વરનો નિવાસ માને છે. આ ત્રણે ચક્રોમાં ક્રમશઃ બ્રહ્મગ્રન્થિ, વિષ્ણુગ્રન્થિ અને રુદ્રગ્રન્થિ હોય છે. બ્રહ્મગ્રન્થિ – ગુહ્યેન્દ્રિય – રજોગુણનું મહાકેન્દ્ર હોવાથી તેના દ્વારા પ્રજોત્પત્તિ થાય છે, વિષ્ણુગ્રન્થિ – જિહ્વા – સત્ત્વગુણનું મહાકેન્દ્ર હોવાથી તેના દ્વારા શરીરનું પરિપાલન થાય છે અને રુદ્રગ્રન્થિ – મુખમાં દશમા દ્વાર પાસે આવેલી છે. ઉભ્યૂલા તમોગુણનું મહાકેન્દ્ર હોવાથી જાગ્રતાવસ્થાનું વિસર્જન થાય છે. આમ ભૌતિકવિજ્ઞાનની કસોટી પર પણ આ ત્રણે દેવો – દિવ્યશક્તિઓ – સત્ય સિદ્ધ થાય છે. શરીરમાં શક્તિ એક જ છે. તે ભિન્ન ભિન્ન અવયવો દ્વારા ભિન્ન ભિન્ન કાર્યો કરે છે. જ્યારે તે શક્તિ નિર્માણનું કાર્ય કરે છે ત્યારે બ્રહ્મા, સંવર્ધનનું કાર્ય કરે છે ત્યારે વિષ્ણુ અને વિસર્જનનું કાર્ય કરે છે ત્યારે મહેશ્વર કહેવાય છે. અથવા જ્યારે તે શક્તિ કર્ણ દ્વારા શ્રવણ કરે છે ત્યારે કર્ણની શક્તિ, નેત્રો દ્વારા નિરીક્ષણ કરે છે ત્યારે નેત્રની શક્તિ, ત્વચા દ્વારા સ્પર્શ કરે છે ત્યારે ત્વચાની શક્તિ, જિહ્વા દ્વારા રસાસ્વાદ કરે છે ત્યારે જિહ્વાની શક્તિ અને નાસિકા દ્વારા સૂંઘે છે ત્યારે નાસિકાની શક્તિ કહેવાય છે. વિદ્યુતની એક શક્તિ દ્વારા જલમાંથી હિમ, બીજી શક્તિ દ્વારા જલમાંથી બાષ્પ અને ત્રીજી શક્તિ દ્વારા બાષ્પમાંથી જલ બને છે. આમ એક જ વિદ્યુત સમ-વિષમ અસંખ્ય કાર્યો કરી શકે છે. આ જ રીતે

સર્વેશ્વર પરાત્પર બ્રહ્મ એક જ હોવા છતાં તે ત્રણ દેવોના સ્વરૂપમાં કે તેત્રીસ કોટિ દેવોના સ્વરૂપમાં પ્રતીત થાય છે. પરંતુ તેનું અનંતત્વ એકત્વ પર જ આધારિત છે.

આ સિદ્ધાંત શ્રવણ કર્યા પછી મનમાં એક પ્રશ્ન ઉદ્‌ભૂત થાય છે; તે એ કે જો સર્વવ્યાપી ઈશ્વર એક શક્તિ રૂપે જ હોય તો તે અરૂપી જ હોઈ શકે અને તેનાં વિવિધ રૂપો શ્રી કૃષ્ણ, શ્રી રામ, શ્રી શિવ ઇત્યાદિ ભાવાત્મક જ હોઈ શકે.

હા, આ તર્કની અવગણના ન કરી શકાય. પરંતુ આ ભાવાત્મક રૂપોનો પ્રબોધ નિત્યલીલાના શ્રેષ્ઠ ધ્યાનમાં થતો હોવાથી તેનું પૃથક્ અસ્તિત્વ સ્વીકારવું જ પડે છે, કારણ કે તે એક યોગાનુભૂતિ જ છે. યોગીઓએ જે જે દેવોનો સાક્ષાત્કાર કરેલો હોય છે તે તે દેવોનાં રૂપોનું વર્ણન પણ કરેલું હોય છે. તેમાંથી ભક્ત પોતાને જે રૂપ પ્રિય લાગતું હોય તેની વરણી કરે છે અને તેને આરાધ્યદેવ માની તેની આરાધના આરંભે છે. તે ઇચ્છે છે કે પોતાના આરાધ્યદેવનું સ્વરૂપ પોતાની સ્મૃતિમાં નિરંતર સુસ્થિર રહે. પરંતુ ચિત્તની ચંચલતાને કારણે તે આરાધ્યદેવનું શાબ્દિક સ્વરૂપ સ્મૃતિમાં સુસ્થિર રહી શકતું નથી. આ આવશ્યકતામાંથી જ મૂર્તિ અથવા છબીનો ઉદ્‌ગમ થયો છે.

એક વર્ગ દઢતાથી માને છે કે ઈશ્વરની મૂર્તિ ન હોઈ શકે. જેમ ગાગરમાં સાગર ન સમાય તેમ વ્યાપક ઈશ્વર નાનો-શી મૂર્તિમાં ન સમાય. ખરેખર, આ તર્ક ગાગર અને સાગર અર્થે ઉપયુક્ત જ ગણાય પરંતુ સર્વસમર્થ શ્રી હરિ અર્થે અનુપયુક્ત ગણાય. જો આપણે માત્ર એક નાનકડી આંખના સામર્થ્યનું સૂક્ષ્માવલોકન કરીશું તો વિરાટ વિભુ

અને નાનકડી મૂર્તિનું સૂક્ષ્માવલોકન અતિસરલ બની જશે. વ્યકિત જ્યારે પર્વતના સર્વોચ્ચ શિખર પર ઊભી રહી દૂર દૂરનાં દશ્યો નિહાળે છે ત્યારે તેની નાનકડી આંખોમાં અગણિત યોજનોનો ભૂમિવિસ્તાર અંકિત થઈ જાય છે; તો શું સર્વસમર્થ વિરાટ વિભુ નાનકડી મૂર્તિમાં ન સમાઈ શકે ? તેનું સામર્થ્ય અસીમ છે. તે વિરાટમાં વિરાટ રૂપે અને પરમાણુમાં પરમાણુ રૂપે રહી શકે છે. વળી અમૂર્ત ઈશ્વરને આરાધનારાઓ કહે છે – "જડ મૂર્તિમાં ચેતન ઈશ્વરનો આરોપ કરવો તે અઘટિત છે. અસમર્થ જડ મૂર્તિ કોઈને કાંઈ ન આપી શકે." આ તર્ક તેમના પોતાના અર્થે યોગ્ય છે, પરંતુ જો તેઓ એમ જ માનતા હોય કે સ્વપક્ષ વિના અન્ય કોઈ પક્ષ સંભવી જ ન શકે તો તે યોગ્ય નથી. એક જ રેખાને બે છેડા અને એક જ માન્યતાને બે પક્ષો હોય છે.

જ્ઞાન, યોગ અને ભકિત – આ ત્રણે માર્ગો પ્રકૃતિભેદને કારણે ઉદ્ભવેલા છે. જેમ ભૂચરો અર્થે ભૂમાર્ગ, જલચરો અર્થે જલમાર્ગ અને વિહંગમો અર્થે વ્યોમમાર્ગ અધિક ઉપયુકત છે તેમ જ્ઞાની અર્થે જ્ઞાનમાર્ગ, યોગી અર્થે યોગમાર્ગ અને ભકત અર્થે ભકિત-માર્ગ અધિક ઉપયુકત છે.

મૂર્તિ પ્રભુનું પ્રતીક, પ્રભુની પ્રતિકૃતિ અથવા પ્રભુનું રૂપ છે. તે સાકાર હોવાથી પ્રભુની અભિવ્યકિત છે, તે બ્રહ્મસાક્ષાત્કાર પામેલા આપ્તપુરુષની સૂક્ષ્માતિસૂક્ષ્મ ઈશ્વર વિષયક અનુભૂતિનું સ્થૂલમાં સ્થૂલ ઉદાહરણ છે. જેમ સાધકને સમ્યક્ યોગાભ્યાસ દ્વારા વિવિધ આસનો, વિવિધ પ્રાણાયામો, વિવિધ મુદ્રાઓ, વિવિધ પ્રત્યાહારો, નવ ચક્રો, ત્રણ ગ્રંથિઓ, કુંડલિની શકિત ઇત્યાદિની અનુભૂતિ થાય છે તેમ તેને શરીરસ્થ દેવ-દેવીઓની અનુભૂતિ પણ થાય છે. આમાં તર્કની ગતિ નથી.

"જડ મૂર્તિમાં ચેતન ઈશ્વરનો આરોપ કરવો તે અઘટિત છે. અસમર્થ જડ મૂર્તિ કોઇને કંઈ ન આપી શકે." આ ઉક્તિ ભલે સત્ય પ્રતીત થતી હોય પણ તે સત્ય નથી જ.

મૂર્તિ સહિતનાં દેવમંદિરો અથવા મૂર્તિ રહિતનાં પ્રાર્થના મંદિરોનું મહત્ત્વ વિશ્વના સમસ્ત ધર્મોએ સમાન રીતે સ્વીકારેલું છે. સમસ્ત વિશ્વમાં પ્રાચીન કાલથી આ દેવમંદિરો કે પ્રાર્થના મંદિરોની સંસ્થાપના સુપ્રસિદ્ધ ધર્માચાર્યો જ કરતા આવ્યા છે. મંદિરો ધર્મનાં ધામો, સંસ્કૃતિનાં કેન્દ્રો અને સેવાનાં તીર્થો છે. સમાજમાં આજે માનવતાનાં જે આછાં પણ દર્શન થાય છે તેનું સંપૂર્ણ શ્રેય દેવમંદિરો તથા તેમના પ્રેરક સુશીલ સંતોને છે.

મંદિર રૂપી મૂળમાંથી જ ધર્મ અને સંસ્કૃતિનો સ્રોત સમસ્ત વિશ્વમાં પ્રસરેલો છે.

મંદિર જ ધર્મ અને સંસ્કૃતિનું મસ્તક છે. તેનો વિનાશ તે ધર્મ અને સંસ્કૃતિનો વિનાશ છે.

વર્તમાન ભારતમાં જનસેવા કરનારી અગણિત સંસ્થાઓ છે અને બીજી પણ અગણિત સંસ્થાઓ ઊભી થતી જાય છે. આ સમસ્ત સંસ્થાઓનું ઉદ્‌ગમસ્થાન મંદિરો જ છે. પ્રાચીન ભારતમાં જ્યારે આજની એક પણ સંસ્થા નહોતી અને માત્ર મંદિરો જ હતાં ત્યારે પણ સમાજસેવાનાં કાર્યો ઉત્તમ રીતે થતાં હતાં. આથી સિદ્ધ થાય છે કે દેવમંદિરો માત્ર પ્રાર્થના મંદિરો કે સેવાનાં કેન્દ્રો નહિ અપિતુ સમાજનાં સુખ-દુઃખનું ચિન્તન કરનારાં જાગ્રત શુભચિન્તકો હતાં.

જેને મંદિરમાં પ્રતિષ્ઠિત કરેલી ભગવાનની જડ મૂર્તિ

દર્શનાર્થીઓને શું આપી શકે છે તે જોવું અને જાણવું હોય તો તેણે ભારતના કોઈક સુપ્રસિદ્ધ મંદિરની સમીપ છ માસ રહેવું જોઈએ અને તટસ્થ ભાવે દર્શનાર્થીઓનો સંપર્ક સાધી કુશલતાપૂર્વક સંશોધન કરવું જોઈએ.

મંદિરો પથ્થરની મૂર્તિને ભગવાન માનનારાઓનાં પાગલખાનાં નથી. મંદિરો તો માનવતાની શાળા, શાન્તિનિકેતન, સમાધાનભૂમિ, આશ્વાસન કેન્દ્ર, પ્રેરણાભૂમિ અને ધ્યાનાલય છે. જેમ મનુષ્યો સરિતામાં સ્નાન કરી પોતાના શારીરિક મેલને નિવૃત્ત કરે છે તેમ ભાવુક ભક્તો આ દેવગૃહ અથવા પ્રાર્થના મંદિર રૂપી શુદ્ધિની સરિતામાં સ્નાન કરી મનના મેલને નિવૃત્ત કરે છે. આજે ભારતમાં ગોકુલ, વૃન્દાવન, કાશી, પ્રયાગ, હરિદ્વાર, દ્વારકા, ડાકોર કે કાયાવરોહણ ભણી દોડનારા યાત્રીઓની સંખ્યા વિપુલ છે. આ ક્રમ કંઈ એક-બે વર્ષથી આરંભાયો નથી. એના આરંભને તો સહસ્રો વર્ષ થવા આવ્યાં છે, છતાં તેમાં કદાપિ ઓટ આવી નથી. સ્થૂલ દૃષ્ટિથી અવલોકનારા અને સ્વયંને શ્રેષ્ઠ બુદ્ધિમાન માનનારા તાર્કિકો ભલે તેમને ભૂલા પડેલા માને, પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકનારા અને અતિ નમ્ર પ્રૌઢ અનુભવીઓ તેમને માર્ગે ચઢી ગયેલા માને છે.

આ દેવગૃહોના ભગવાન ભલે જડ જણાતા હોય પરંતુ તેમણે અગણિત ભક્તોને ભિન્ન ભિન્ન પ્રકારનાં આશ્વાસનો, ભિન્ન ભિન્ન પ્રકારની તૃપ્તિ, શાન્તિ અને ભિન્ન ભિન્ન પ્રકારની પ્રેરણાઓ આપી છે. આ જડ ભગવાને કરોડો ભક્તોનાં ભાંગેલાં હૈયાંને પુનઃ અખંડ કરી આપ્યાં છે. ખરેખર, આ જડ ભગવાન નિરાધારોનો આધાર, હતાશોની આશા, અંધોની આંખ, પંગુઓના પગ, મૂકોની વાણી, હારેલાની ભાવિ જીત, રોગીઓનો વૈદ્ય અને દુઃખીઓનો મિત્ર છે.

જ્યારે માતા, પિતા, બન્ધુ, ભગિની, પત્ની, પુત્ર, પુત્રો, મિત્ર, સ્વજનો, પ્રિયજનો, વૈદ્ય ઇત્યાદિ સહાય નથી કરી શકતાં ત્યારે આ જડ જણાતા ભગવાન જ સમસ્ત અભાવોની પૂર્તિ બની જાય છે.

આ દેવ મંદિરો કે પ્રાર્થના મંદિરો અંધશ્રદ્ધાળુઓના નિવેશસ્થાનો નથી પરંતુ સમાજના શુભચિંતક ધર્માચાર્યોએ પ્રદાન કરેલી મનોવિજ્ઞાનની પ્રયોગશાળાઓ છે. ઈષ્ટદેવના દર્શન દ્વારા કે તેમની હૃદયપૂર્વકની પ્રાર્થના દ્વારા કરોડો ભાવુક સ્ત્રી-પુરુષો નિરાશાના મહાનિધિને તરીને પાર ઊતર્યાં છે અને નવજીવન પ્રાપ્ત કરી સુખમય જીવન જીવી શકયાં છે. આ પરિણામને પરમ સત્યના રૂપમાં સ્વીકારવું જ પડશે.

મંદિરોમાં નિયમિત જનારા દર્શનાર્થીઓનાં જીવનનું વિશ્લેષણ કરવાથી સિદ્ધ થાય છે કે મંદિરો મનોવિજ્ઞાનની પ્રયોગશાળાઓ છે. જો કોઈ પણ વિજ્ઞાન માત્ર તર્કથી જ સિદ્ધ થઈ જતું હોત તો પ્રયોગની આવશ્યકતા જ ન રહેત; પરંતુ તે તર્કથી સિદ્ધ થતું નથી તેથી પ્રયોગની અનિવાર્ય આવશ્યકતા રહે છે. પ્રયોગથી સિદ્ધ કરેલો તર્ક, તર્ક નહિ, સત્ય બની જાય છે.

"મંદિરો મનોવિજ્ઞાનની પ્રયોગશાળાઓ છે" આ કથન માત્ર કથન જ નથી, પ્રયોગસિદ્ધ સત્ય છે. કારણ કે તેનાં પરિણામો દૃષ્ટિ સંમુખ પ્રત્યક્ષ છે. જે આ પરિણામોને અવલોકીને પણ સત્યને સ્વીકારતો નથી તે વિજ્ઞાનવેત્તા નહિ પરંતુ વિજ્ઞાનની ઉપેક્ષા કરનારો દુરાગ્રહી છે. તેના અભિપ્રાયમાં તથ્ય નથી.

કુશલ વૈદ્ય જ્યારે રોગીને ઔષધ આપે છે ત્યારે તે ઔષધ કઈ કઈ વનસ્પતિઓના સંમિશ્રણથી બનાવેલું છે તે કહેતો નથી,

કહેવાની આવશ્યકતા પણ હોતી નથી; વળી રોગી પણ તે વિષયમાં જિજ્ઞાસા પ્રદર્શિત કરતો નથી. તેને તો માત્ર રોગ વિનષ્ટ થાય તે જ મહેચ્છા હોય છે. તે જ રીતે વ્યથિત વ્યક્તિના ભાવો, તર્કો અને ક્રિયાઓનું દિશાપરિવર્તન કઈ રીતે થાય છે તે લોકહિતૈષી ધર્માચાર્યો કહેતા નથી; કહેવાની આવશ્યકતા પણ હોતી નથી.

વ્યક્તિના મનમાં જે જે તર્કો ઉદ્ભવે છે તે તે તર્કો પૂર્વ-સંસ્કારો પર આધારિત હોય છે; આ કારણે અવાંછિત તર્કના દિશાપરિવર્તન અર્થે પૂર્વસંસ્કારોને અનુરૂપ વાંછિત તર્કનો આશ્રય ગ્રહણ કરવો પડે છે.

જ્યારે જ્યારે મનુષ્યના મનને વિષમ પરિસ્થિતિઓ અસ્થિર કરી મૂકે છે ત્યારે ત્યારે તે સ્થૈર્યપ્રાપ્તિ અર્થે પોતાના પૂર્વ-સંસ્કારોને અનુરૂપ કોઈ ને કોઈ દિશામાં પ્રયત્ન કરે છે. મંદિરો પણ એક વર્ગ અર્થે માનસિક સ્થિરતા પ્રાપ્ત કરવાનું અનુપમ સ્થાન છે. હતાશામાં આત્મચેતનાને જાગ્રત કરવાની હોય છે. તે જાગ્રત થાય છે તે સાથે જ નવી આશા, નવો ઉત્સાહ અને નવું જીવન અધિગત થાય છે. મંદિરની જડ મૂર્તિઓએ અગણિત મનુષ્યોની આત્મચેતના જાગ્રત કરી છે એ એક સત્ય વૃત્તાંત છે.

મૂર્તિપૂજા રહસ્યમયી છે. તેમાં યોગની અનુપમ અનુભૂતિ-ઓનો અંતર્ભાવ કરી લેવામાં આવ્યો છે. મૂર્તિ સંકેતશાસ્ત્ર છે. યોગની અક્ષય ગુપ્ત સંપત્તિ છે. તે યોગની જટિલાતિજટિલ સમસ્યાઓનું સત્ય, શિવ અને સુન્દર ઉદ્ઘાટન છે. મૂર્તિપૂજાનું વિધાન સામાન્ય પુરુષોએ કરેલું નથી, અસમાન્ય આપ્ત પુરુષોએ કરેલું છે. મૂર્તિ પથ્થરની પૂજા નથી, પ્રચ્છન્ન પ્રભુની પૂજા છે. જ્યારે કોઈ પણ વ્યક્તિ ટેલિફોનનું રિસીવર હાથમાં લઈ સેંકડો

માઈલ દૂર રહેલી વ્યક્તિ સાથે વાર્તાલાપ આરંભે છે. ત્યારે થોડી ક્ષણોમાં રિસીવર ગૌણ બની જાય છે અને વ્યક્તિનો કંઠસ્વર પ્રધાન બની જાય છે. તે જ રીતે મનમાં મૂર્તિનો જડતા ગૌણ બની જાય છે અને ઈશ્વરવિષયક કલ્પના પ્રધાન બની જાય છે.

વિશ્વ વિરાટમૂર્તિ છે. તેમાં વસેલાં અનંત પ્રાણીઓ અને અનંત પદાર્થો વામનમૂર્તિઓ જ છે. આમ મૂર્તિઓના વિશ્વમાં નિવાસ કરનારા માનવોના મન પર મૂર્તિઓના જ સંસ્કાર છે. મૂર્તિના બે ભેદ છે – સ્થૂલ અને સૂક્ષ્મ. સ્થૂલ મૂર્તિમાં સ્થૂલ પદાર્થ પ્રધાન અને કલ્પના ગૌણ હોય છે. સૂક્ષ્મ મૂર્તિમાં સ્થૂલ પદાર્થ હોતો નથી, કેવલ કલ્પના જ હોય છે. કલ્પના પણ મૂર્તિ જ છે. મન જ મૂર્તિઓનો પિતા છે. મૂર્તિ વિના ધ્યાન શકય નથી. નિર્બીજ સમાધિ દ્વારા જ્યારે આકારોના મહાનિધિ જેવું મન જ સ્વપ્રકૃતિમાં વિલીન થઈ જાય છે ત્યારે જ નિરાકાર બ્રહ્મમાં પ્રવેશાય છે.

ઈશ્વરને માનનારાઓ ઈશ્વરનાં નામ, રૂપ અને ગુણોને વર્ણવે છે. જે વર્ણનીય હોય તે સાકાર જ હોય. વર્ણન સાકારનું જ સંભવી શકે, નિરાકારનું નહિ. શબ્દો પણ મૂર્તિઓ જ છે અને વાકયો પણ મૂર્તિઓ જ છે. જે સૂક્ષ્મ મૂર્તિને ચિંતવે છે તે પણ મૂર્તિપૂજક છે. વિશ્વની સમસ્ત ભાષાઓમાં મૂલાક્ષરો હોય છે. તેમના ઉચ્ચારો જિહ્વા દ્વારા કરવામાં આવે છે. આ કારણે તે જિહ્વાનો વિષય ગણાય છે અને જ્યારે તે ઉચ્ચારોને કર્ણો દ્વારા શ્રવણ કરવામાં આવે છે ત્યારે તે કર્ણોનો વિષય ગણાય છે. આ બંને અવસ્થાઓમાં તે મૂલાક્ષરો નિરાકાર પ્રતીત થવા છતાં નિરાકાર હોતા નથી, સાકાર જ હોય છે. તેથી જ વકતા અને શ્રોતા તેમના પાર્થકયને પરખી શકે છે. સંક્ષેપમાં એવું કહી

શકાય કે જે જે કાંઈ મૂર્ત થાય છે અને જેને જેને પણ ઇન્દ્રિયો કોઈ ને કોઈ સ્વરૂપમાં અનુભવે છે તેને તેને આકાર હોય છે જ. અર્થાત્ તે સમસ્ત આકારો મૂર્તિઓ જ છે. આમ માનવમાત્ર મૂર્તિપૂજક છે.

અચિન્ત્યને ચિન્ત્ય બનાવ્યા વિના ન ચાલે, નહિ તો સામાન્ય જનો તેને ચિંતવી જ ન શકે. અખિલ વિશ્વની લિખિત ભાષાઓમાં મૂળાક્ષરોને સાકાર સ્વરૂપ પણ પ્રદાન કરવામાં આવ્યું છે. અદૃશ્ય આકારોને દૃશ્ય બનાવવામાં આવ્યા છે. મંદિર માત્ર શિલ્પકલાનું સંગ્રહસ્થાન નથી. યોગનાં નિગૂઢ રહસ્યોનું સર્વોત્તમ ઉદ્‌ઘાટન છે, ધર્મ અને સંસ્કૃતિનું મહાકેન્દ્ર છે. મૂર્તિઓ માત્ર મૂર્તિઓ જ નથી યોગની અનુભૂતિઓ છે. પથ્થરની કે ધાતુની મૂર્તિ પથ્થર કે ધાતુ જ છે અને કાગળ પર અંકિત કરેલી છબી કાગળ જ છે. આ અભિપ્રાય તો મૂર્ખમાં મૂર્ખ મનુષ્ય પણ તત્કાલ આપી શકે છે. પરંતુ જો કોઈ પણ મૂર્તિને 'ઈશ્વર'ની સંજ્ઞા આપવામાં આવી હોય તો તે એક ગૂઢ સંશોધનનો વિષય બની જાય છે. કુશલ આધ્યાત્મિક વૈજ્ઞાનિકો જ તેનું રહસ્ય જાણી શકે છે. એવા રહસ્યવેત્તા વૈજ્ઞાનિકોને જ યોગીઓ કહેવામાં આવ્યા છે.

જો સર્વવ્યાપી ઈશ્વર સર્વત્ર ન દેખાતો હોય તો તેને કોઈ એક નિર્ણીત સ્થાનમાં નીરખવાનો અભ્યાસ કરવો તેમાં શો અપરાધ ? જ્યાં સુધી વ્યક્તિને દિવ્યચક્ષુની ઉપલબ્ધિ ન થાય ત્યાં સુધી કલ્પનાચક્ષુનો ઉપયોગ ન કરી શકાય ? જગદીશ્વર જગતની જડતા નથી, જડ (મૂલ) છે. તેથી જડતામાં પણ તેનું અસ્તિત્વ છે. લૌકિક પ્રેમીઓ પ્રિયતમ કે પ્રિયતમાને સર્વત્ર નિહાળે છે. આ ભાવદર્શન છે. 'રુદ્રયામલતંત્ર' અને 'ભાવચૂડામણિ'માં

કહ્યું છે – "ભાવથી સઘળું પ્રાપ્ત થાય છે, ભાવથી જ દેવદર્શન અને ભાવથી જ શ્રેષ્ઠ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેથી જ ભાવનું અવલંબન લેવું જોઈએ. અગણિત જપથી કે કાયાને અત્યંત કલેશ આપવાથી કંઈ પ્રાપ્ત થતું નથી, કારણ કે ભાવ વિના દેવ, યંત્ર અને મંત્ર ફલપ્રદાન કરતાં નથી."

એક કુશલ શિલ્પીએ લક્ષ્મીનારાયણની નયનાભિરામ મૂર્તિ કંડારી. પછી કોઈ મંદિરમાં તેની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. થોડા સમયમાં જ ત્યાં લાખો દર્શનાર્થીઓ આવવા લાગ્યા. એક દિવસે ત્યાં પેલો શિલ્પી પણ આવી ચઢ્યો. પરંતુ તે મૂર્તિને નમ્યો નહિ. રાતે તેને સ્વપ્ન આવ્યું તેમાં તેને લક્ષ્મીનારાયણનાં દર્શન થયાં. તે હસ્યો અને બોલ્યો –"તું કોણ છે ?"

"હું લક્ષ્મીનારાયણ."

"તું લક્ષ્મીનારાયણ ? મેં જ તને આરસના પથ્થરમાંથી ઘડ્યો હતો."

"તે સત્ય છે. તે સમયે હું માત્ર આરસની મૂર્તિ જ હતો."

"અને હવે ?"

"ભગવાન."

"ભગવાન ? તને ભગવાન કોણે બનાવ્યો ?"

"ભક્તોએ. તેમણે મને ભાવયોગ દ્વારા પોતાના અંતઃકરણોમાં પ્રતિષ્ઠિત કર્યો છે."

"ભાવયોગ કોને કહેવાય ?"

"મનોગત ભાવનો સમ્યક્ સાક્ષાત્કાર તે ભાવયોગ. એક પ્રવાસી આછા અંધકારમાં પ્રવાસ કરી રહ્યો છે. માર્ગમાં વિષધર સર્પ પડેલો છે પરંતુ તેને લાગે છે કે દોરડી પડી છે. તે તેની પાસેથી નિર્ભયતાપૂર્વક ચાલ્યો જાય છે. આ છે ભાવયોગની સિદ્ધિ. બીજો પ્રવાસી પણ આછા અંધકારમાં પ્રવાસ કરી રહ્યો છે. માર્ગમાં દોરડી પડી રહી છે પરંતુ તેને લાગે છે કે સર્પ છે. તે ભયભીત બની પાછાં પગલાં ભરે છે અને તેનો પગ ખાડામાં પડી મોચવાઈ જાય છે. આ પણ ભાવયોગની સિદ્ધિ છે."

"આને ભાવયોગ કહેવાય કે ભ્રાન્તિયોગ ?"

ભ્રાન્તિ પણ ભાવ જ છે ને ! અનંત જન્મોની તપશ્ચર્યા પછી જ સત્યનો સાક્ષાત્કાર થાય છે. તે સાક્ષાત્કાર સુદૃઢ સદ્‌ભાવના વિના કદાપિ સિદ્ધ થતો નથી. જે સાધક સુદૃઢ સદ્‌ભાવ દ્વારા અસત્યમાં પણ સત્યને અવલોકે છે, તે જ સાધક સત્યના સાક્ષાત્કારનો અધિકારી બને છે અને જે સાધક સુદૃઢ અસદ્‌ભાવ દ્વારા સત્યમાં પણ અસત્યને અવલોકે છે તે સાધક સત્યના સાક્ષાત્કારનો અનધિકારી છે. મૂર્તિ પત્થર છે. તેમાં ભગવાન નથી, ભગવાન ભક્તના મનમાં છે. જેવો સદ્‌ભાવ હોય તેવો જ સાક્ષાત્કાર થાય. સદ્‌ભાવ મહાન શક્તિ છે. તે જ સ્વયં સત્ય, સ્નેહ અથવા શ્રી હરિ છે.

જ્ઞાનમાર્ગીઓની દૃષ્ટિમાં મૂર્તિપૂજા એક જટિલાતિજટિલ સમસ્યા છે. તેનું કારણ દૃષ્ટિભેદ છે. કિન્તુ ભક્તિમાર્ગીઓ અર્થે મૂર્તિપૂજા સમસ્યા નથી, અતિ સરલ અને ભાવગમ્ય સમાધાન છે. જો મૂર્તિપૂજાનો અને મંદિરનો વિનાશ કરવાથી જ ઉપાસકને

અમૂર્ત અને અરૂપ ઈશ્વરની ઉપલબ્ધિ થઈ જતી હોત તો વિશ્વમાં માત્ર મૂર્તિપૂજકો જ તેની ઉપલબ્ધિ વિના રહી ગયા હોત, પરંતુ સહસ્રો વર્ષના ઇતિહાસ પર દૃષ્ટિનિક્ષેપ કરતાં જ્ઞાત થાય છે કે તેમ બન્યું નથી.

પ્રત્યેક રાષ્ટ્રવાસી સ્વ-રાષ્ટ્રધ્વજને વંદે છે, શું આ મૂર્તિ-પૂજા નથી ? શું આ ભાવયોગ નથી ?

સો રૂપિયાની નોટ કાગળનો માત્ર એક કટકો જ છે, છતાં તેના પર રાજમુદ્રા અંકિત કરવામાં આવેલી હોવાથી તેનું મૂલ્ય સો રૂપિયાના સુવર્ણ જેટલું હોય છે. શું આ મૂર્તિપૂજા નથી ? શું આ ભાવયોગ નથી ?

પુત્રી, ભગિની, પત્ની અને માતા – આ ચારે સ્ત્રીઓ જ છે કિન્તુ તેમની સાથે ભિન્ન ભિન્ન પ્રકારનો વ્યવહાર કરવામાં આવે છે શું આ ભાવયોગ નથી ?

મન ભાવમય જ છે. ભાવ જ તેનો સ્વભાવ છે, અતઃ વસ્તુ, વ્યક્તિ, વિચાર, વર્તન, વાતાવરણ ઇત્યાદિનો સંસર્ગ થતાં મનમાં સમ-વિષમ ભાવો ઉત્પન્ન થાય છે.

'ઉદ્દીપન' શબ્દ મનોવિજ્ઞાનનો પારિભાષિક શબ્દ છે. તેનો અર્થ 'પૂર્વસંસ્કારોને જાગ્રત કરનારું નિમિત્ત' છે. મૂર્તિ ઉદ્દીપન છે. આપણે નામ અને રૂપના વ્યવહારોથી અભ્યસ્ત હોવાથી નામ અને રૂપ વિનાની કોઈ વસ્તુ કે વ્યક્તિની કલ્પના જ કરી શકતાં નથી. શ્રી સદ્‌ગુરુનું નામ યાદ આવતાં સ્મૃતિમાં તેમનું રૂપ ઉપસ્થિત થાય છે અને તેમને પ્રત્યક્ષ કે તેમની છબી નિહાળતાં તેમનું નામ

યાદ આવી જાય છે. આમ થયું કે તેમની સાથેનો વ્યવહાર પણ યાદ આવી જાય છે. આ રીતે ચિત્ત નિરંતર નામ-રૂપથી પ્રભાવિત થતું રહે છે.

મૂર્તિપૂજક મૂર્તિને દેવ માનીને પૂજે છે અને મૂર્તિપૂજનને નિંદનારો તેને પથ્થર માની તેની નિરંતર નિંદા કરે છે. આ પરિણામનું સૂક્ષ્માવલોકન કરતાં એક વાત સુસ્પષ્ટ બની જાય છે કે બંનેનાં મન પર મૂર્તિનો સમાન પ્રભાવ પડેલો છે, અતઃ સિદ્ધ થાય છે કે કોઈ પણ 'ઉદ્દીપન' રાગ અથવા દ્વેષ ઉત્પન્ન કરવા સમર્થ છે. ભાવમાં રાગ, કુભાવમાં દ્વેષ અને અભાવમાં તટસ્થતા હોય છે. જે મનુષ્ય ચેતનમાં પણ સદ્ભાવ રાખી શકતો નથી તે જડ મૂર્તિમાં શી રીતે સદ્ભાવ રાખી શકવાનો છે ?

સગુણ અને સાકાર વિશ્વ પ્રત્યક્ષ છે, તેથી સકામ સાધક અર્થે સગુણ અને સાકાર ઈશ્વરનું શિક્ષણ મનોવિજ્ઞાનની દૃષ્ટિએ અધિક ઉપયુક્ત છે. નિર્ગુણ અને નિરાકાર ઈશ્વરનું શિક્ષણ બીજું સોપાન છે. ઉપાસના સાકાર ઈશ્વરની હોય કે નિરાકાર ઈશ્વરની, પરંતુ સાધકના મનમાં તેનાં દર્શન કે સ્મરણથી સાત્ત્વિક ભાવોનું પ્રકટીકરણ થવું જોઈએ. અને તે અધિક સમય પર્યન્ત સુસ્થિર રહેવું જોઈએ. સાકાર ઈશ્વરનું સ્મરણ મૂર્તિ દ્વારા અત્યંત સરળ બની જાય છે. નિરાકાર ઈશ્વરનું કાલ્પનિક સ્મરણ નિરાધાર હોવાથી અતિશય કઠિન પ્રતીત થાય છે. એક ઉત્તમ નાટકનો ગ્રન્થ વાંચી જવાથી વાચકના મન પર સામાન્ય પ્રભાવ પડે છે, પરંતુ તે જ નાટકને કુશલ અભિનેતાઓ દ્વારા રંગભૂમિ પર પ્રત્યક્ષ ભજવાતું અવલોકવાથી પ્રેક્ષકના મન પર અસામાન્ય પ્રભાવ પડે છે.

મૂર્તિ વિનાનાં પ્રાર્થના મંદિરોમાં અમૂર્ત ઈશ્વરના ઉપાસકો

આંખો બંધ કરી ઈશ્વરનું જે સ્મરણ કરે છે તેની અપેક્ષાએ મૂર્તિવાળાં મંદિરોમાં મૂર્તિપૂજકો આંખો ઉઘાડી રાખી ઈશ્વરનું જે સ્મરણ કરે છે તે અધિક હૃદયસ્પર્શી હોય છે. વ્યાપક દૃષ્ટિએ અમૂર્તપૂજકો પણ મૂર્તિપૂજકો જ છે. કિન્તુ તેઓ માત્ર ઈશ્વરની સ્થૂલ મૂર્તિનું અવલંબન લેતા નથી. જ્યારે તેઓ ઈશ્વરનું સ્મરણ કરતા હોય છે ત્યારે તેમની કલ્પનામાં ઈશ્વરનું કોઈ ને કોઈ રૂપ તો હોય છે જ પરંતુ તે કાલ્પનિક હોવાથી તેમની સ્મૃતિમાં અધિક સમય સુસ્થિર રહી શકતું નથી. આમ 'ઉદ્દીપન'ના અભાવને અંગે તેમની આધ્યાત્મિક પ્રગતિ મંદ ગતિથી થાય છે. બીજી પક્ષમાં, 'ઉદ્દીપન'ને અંગે મૂર્તિપૂજકોની આધ્યાત્મિક પ્રગતિ ત્વરિત ગતિથી થાય છે. મૂર્તિપૂજકો મૂર્તિને વારંવાર વંદે છે, સ્મરે છે, તેના સમક્ષ સ્વદોષો નિવેદન કરે છે અને સદ્‌ગુણોની સંપ્રાપ્તિ અર્થે યથાશક્તિ આયાસો કરે છે.

જો આપણે અમૂર્તપૂજક અને મૂર્તિપૂજક સમાજનું વિશ્લેષણ કરીશું તો એ સુસ્પષ્ટ થઈ જશે કે અમૂર્તપૂજકમાં અભિમાન, દંભ, કામ, ક્રોધ, કઠોરતા, નિર્દયતા, પ્રમાદ, દ્વેષ દુરાગ્રહ ઇત્યાદિ દુર્ગુણો અધિક પ્રમાણમાં અને મૂર્તિપૂજકોમાં નમ્રતા, સરળતા, સંયમ, શાન્તિ, સહિષ્ણુતા, સુકોમલતા, દયાળુતા, અપ્રમાદ, સ્નેહ, સત્યાગ્રહ ઇત્યાદિ સદ્‌ગુણો અધિક પ્રમાણમાં છે.

તાર્કિક વ્યક્તિ રજોગુણી, ભાવુક વ્યક્તિ સત્ત્વગુણી અને દુરાગ્રહી કર્મઠ વ્યક્તિ તમોગુણી હોય છે.

તીર્થધામોમાં અને મંદિરોમાં મૂર્તિપૂજકોની જેટલી ભીડ થાય છે તેટલી ભીડ પ્રાર્થના મંદિરોમાં થતી નથી. મૂર્તિપૂજકો મંદિરો અને તીર્થધામોમાંથી અપાર આશ્વાસન મેળવે છે, તેની

અપેક્ષાએ અમૂર્તપૂજકો પોતાના ઉપાય દ્વારા તેટલું આશ્વાસન મેળવી શકતા નથી.

કુતર્ક કુબુદ્ધિજન્ય અને સુતર્ક સુબુદ્ધિજન્ય હોય છે. તેથી કુતર્કમાં શંકા અને સુતર્કમાં સમાધાન હોય છે. શ્રદ્ધા સુતર્કની દિશામાં ગતિ કરતી હોવાથી તે એકાદ ઠોકર ખાધા પછી સન્માર્ગે ચઢી જાય છે અને કુતર્ક દુરાગ્રહી હોવાથી અસંખ્ય ઠોકરો ખાવા છતાં પણ સન્માર્ગ પકડતો નથી. તેનું અહં રાવણતુલ્ય હોય છે.

મૂર્તિ પ્રભુનું પ્રતીક છે. તે માત્ર પથ્થર, ધાતુ, મૃત્તિકા કે કાગળ છે એવું માની તેની ઉપેક્ષા કરવી અઘટિત છે.

આધુનિક શિક્ષણશાસ્ત્રને પણ હવે અનુભવે આ અતિપ્રાચીન સિદ્ધાંતને અપનાવવો પડ્યો છે. તેને કહેવું પડ્યું છે કે વિદ્યાર્થીને પ્રત્યક્ષ બોધ થાય તેવી યોજના ઘડવાથી તેના સ્મૃતિપટ પર દૃઢ સંસ્કારો અંકિત થાય છે.

મૂર્તિમાં ધ્યાનકેન્દ્ર બનવાની સંપૂર્ણ યોગ્યતા છે. એક તો તે કલાનું અનુપમ ઉદાહરણ હોય છે. બીજું, તેમાં ભગવાનનો ભાવ આરોપવામાં આવે છે. ત્રીજું, તેની રચના શાસ્ત્રના આધાર પર કરવામાં આવી હોય છે. ચોથું, તેમાં યોગ સમસ્યાઓ, તેમનાં સમાધાનો અને યોગનાં ગુપ્ત રહસ્યો સમાધિની ભાષામાં અંકિત કરવામાં આવેલાં હોય છે. મૂર્તિઓ ચિત્રલિપિઓમાં આલેખાયેલા યોગગ્રન્થો છે. તેની ભાષા સર્વોચ્ચ યોગસાધકને જ સમજાય, અન્યને નહિ.

પ્રત્યેક આધ્યાત્મિક યાત્રીએ મૂર્તિપૂજા કરવી જ જોઈએ એવું એકપક્ષીય વિધાન અયોગ્ય છે. મૂર્તિપૂજા વિના પણ ઉપાસના થઈ

શકે છે. આ કારણે મૂર્તિપૂજકોએ અમૂર્તપૂજકોને કે અમૂર્તપૂજકોએ મૂર્તિપૂજકોને મૂર્ખ કે માર્ગ ભૂલેલા ન માનવા જોઈએ. ઈશ્વરવાદ અથવા દેવ-દેવીવાદ ભક્તિયોગ, મંત્રયોગ અને તંત્રયોગ સાથે સંબંધિત છે. જ્યારે સાધક વર્ષોની તપશ્ચર્યા પછી સબીજ યોગની ધારણા નામક ભૂમિ પર આરૂઢ થાય છે ત્યારે તેને ભગવાનના વિશ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે અને અંતમાં ચતુર્ભુજ વિષ્ણુનો સાક્ષાત્કાર થાય છે. તે સાક્ષાત્કાર દિવ્યદૃષ્ટિ દ્વારા ધ્યાનમાં જ થાય છે. ભક્તયોગીઓ ભાવદૃષ્ટિથી યોગાનુભૂતિઓ વર્ણવે છે. તેથી ભક્તિયોગના સાધકને પુરાણોક્ત અવતાર-લીલાઓમાં પોતાની યોગાનુભૂતિઓનાં દર્શન થાય છે. કર્મયોગીઓ કર્મદૃષ્ટિથી યોગાનુભૂતિઓને વર્ણવે છે તેથી કર્મયોગના સાધકને યોગવિષયક ઉપનિષદો અને યોગશાસ્ત્રોમાં વર્ણવેલી વિવિધ ક્રિયાઓમાં પોતાની યોગાનુભૂતિઓનાં દર્શન થાય છે. તે જ રીતે જ્ઞાનયોગીઓ તત્ત્વદૃષ્ટિથી સ્વાનુભૂતિઓને વર્ણવે છે તેથી જ્ઞાનના સાધકને જ્ઞાનવિષયક ઉપનિષદો અને દર્શનોમાં વર્ણવેલાં તત્ત્વોમાં પોતાની યોગાનુભૂતિઓનાં દર્શન થાય છે.

મેં આ પ્રવચનમાં મૂર્તિપૂજનનું મહત્ત્વ અત્યંત સંક્ષેપમાં વર્ણવ્યું છે. એના શબ્દે શબ્દનું અને વાક્યે વાક્યનું ગહન ચિંતન કરવાથી મૂર્તિવિષયક અગણિત સંશયો નિવૃત્ત થઈ જશે અને મન ઉત્સાહમાં આવી શ્રદ્ધાપૂર્વક આધ્યાત્મિક યાત્રા કરવા લાગશે.

હવે મૂર્તિપૂજનનું એક અદ્વિતીય દૃષ્ટાંત પ્રસ્તુત કરી મારા પ્રવચનને સમાપ્ત કરીશ.

પાંડવોના ધનુર્વિદ્યાના ગુરુ મહર્ષિ દ્રોણાચાર્ય મહાસમર્થ આચાર્ય ગણાતા હતા. એમની સુકીર્તિ સમસ્ત ભૂમંડલમાં વ્યાપી

ગઈ હતી, પરિણામે તેમનાં શ્રીચરણોમાં ધનુર્વેદની શિક્ષા પ્રાપ્ત કરવા દૂર દૂરથી સહસ્રો રાજાઓ અને રાજકુમારો આવતા હતા.

મહર્ષિ દ્રોણાચાર્યની સુકીર્તિ નિષાદરાજ હિરણ્યધનુના પુત્ર એકલવ્યે પણ સાંભળી. તેને ધનુર્વિદ્યા પર અપાર પ્રીતિ હતી. તે ઉત્સાહપૂર્વક હસ્તિનાપુર આવ્યો. આશ્રમે પહોંચ્યો. શિષ્યોના વિશાળ સમૂહથી ઘેરાયેલા આચાર્યજી આધ્યાયનનું કાર્ય પૂર્ણ કરી પોતાના નિવાસસ્થાને પાછા ફરી રહ્યા હતા. એકલવ્યે તેમને તરત જ ઓળખી કાઢ્યા. પ્રીતિપૂર્વક પ્રણામ કર્યા.

આચાર્યજીએ પૂછ્યું–"તું કોનો પુત્ર છે? કેમ આવ્યો છે?"

"હું નિષાદરાજ હિરણ્યધનુનો પુત્ર એકલવ્ય. આપની પાસે ધનુર્વિદ્યા શીખવા આવ્યો છું."

તેમણે તેને અનિમિષ દૃષ્ટિથી જોયો. પછી પોતાને ઘેરીને ચાલતા રાજાઓ અને રાજકુમારોને પણ જોયા. તેમના વદન પર વિષાદની એક નાની–શી વાદળી અત્યંત ત્વરાથી આવી અને અત્યંત ત્વરાથી ચાલી ગઈ. કોઈને પણ તેનાં દર્શન ન થયાં.

એકલવ્ય અતિદીન મુખે હસ્ત જોડીને ઊભો હતો. તે રાજકુમાર અવશ્ય હતો પરંતુ તેની જાતિ શૂદ્ર હતી. તે કાળે ક્ષત્રિય રાજકુમારો શૂદ્ર રાજકુમારોને સંસ્કારોમાં પોતાનાથી નિમ્ન કોટિના માનતા હતા, આ કારણે તેઓ પોતાની સાથે તેમને વિદ્યાધ્યયન કરવા દેતા નહોતા. "હું આપની પાસે ધનુર્વિદ્યા શીખવા આવ્યો છું." એકલવ્યનું આ વાકય સઘળા રાજકુમારોએ સાંભળ્યું હતું. તેમનાં કર્ણો મહર્ષિજીનો પ્રત્યુત્તર સાંભળવા આતુર બની ગયા હતા.

આચાર્યજીએ વાત્સલ્યભર્યા સ્વરે પ્રત્યુત્તર આપ્યો – "વત્સ ! જલથી ભરેલી સરિતા તૃષાતુરને કદાપિ નિરાશ કરતી નથી તેમ જ્ઞાન-નિધિ ઉદાર આચાર્ય પણ ઉત્સુક વિદ્યાર્થીઓને કદાપિ નિરાશ કરતા નથી. હું પણ આચાર્ય જ છું પરંતુ બંધનયુક્ત છું. મુક્ત નથી, કારણ કે હું વૈતનિક આચાર્ય છું. કેવલ ક્ષત્રિય રાજા તથા રાજકુમારોની શિક્ષા અર્થે નિયુક્ત થયેલો છું. વર્ણભેદને આગે હું તને ધનુર્વિદ્યા નહિ શીખવાડી શકું."

ક્ષત્રિય રાજકુમારોને આચાર્યશ્રીનો આ પ્રત્યુત્તર ગમ્યો. તેમણે સંતોષ અભિવ્યકત કર્યો.

કયારેક સમાજમર્યાદા મહાપુરુષોના રાજમાર્ગની અભેદ્ય દીવાલ બની જાય છે.

એકલવ્યના શ્યામ મુખ પર મૃત્યુની ભયંકર વેદના અંકિત થઈ ગઈ. તે ધનુર્વિદ્યા શીખવા અર્થે કેટલા બધા ઉત્સાહથી આવ્યો હતો ? શું શૂદ્ર જાતિમાં જન્મવું તે અપરાધ છે ? આચાર્યશ્રીને તેની મનોવ્યથા સ્પર્શી ગઈ. તે સાથે જ તેમના સુકોમલ અંતઃકરણમાં અનુકમ્પાના ઓઘ ફૂટી નીકળ્યા. તે બોલ્યા – "વત્સ ! હું તને શુભાશીર્વાદ આપું છું. શ્રેષ્ઠ ધનુર્ધર થજે."

એકલવ્યના નિષ્પ્રાણ શરીરમાં પુનઃ ચેતના આવી. તેના મુખ પર સ્વર્ગીય આનંદની અનુપમ આભા અંકિત થઈ ગઈ. તેણે નીચા નમી શ્રીગુરુચરણનો સ્પર્શ કર્યો અને આંસુભરી આંખે કૃતજ્ઞતા પ્રકટિત કરતાં નિવેદન કર્યું – "ગુરુદેવ, આપનો સર્વત્ર જય જયકાર હો ! આપે આજે આ દીન પર પરમાનુગ્રહ કર્યો છે. આપના અમોઘ આશીર્વાદ જ મારું જીવનધન છે,

આપે મને જે આપ્યું છે તેની ઈર્ષા અખિલ વિશ્વના ધનુર્ધરો કરશે.''

સમીપ ઊભેલા રાજા અને રાજકુમારોને એકલવ્યનું અંતિમ વાક્ય ન રુચ્યું. તેમને નિષાદકુમાર તરંગી અને ઘમંડી જણાયો. આચાર્યજી તેનો મનોભાવ જાણી અતિ ગંભીર બની ગયા. તેમણે આશીર્વાદને ઈશ્વરનું વરદાન માનનારા આ શ્રદ્ધાળુ નિષાદકુમારમાં વિલક્ષણ પ્રતિભાનાં દર્શન કર્યાં.

સતશિષ્યના અંતઃકરણમાં સદ્‌ગુરુનું સ્થાન સર્વોચ્ચ હોય છે, આ કારણે તે તેમના આશીર્વાદને વિભુનું વરદાન જ માને છે. જે ગુરુના આશીર્વાદનું તથા તેમણે પ્રદાન કરેલી વિદ્યાનું યથાર્થ મૂલ્યાંકન કરી શકતો નથી તે સત્‌શિષ્ય નથી. એવો શિષ્ય કોઈ કાળે પણ વિદ્યાની પૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. સદ્‌વિદ્યાની સિદ્ધિનો આધાર જ સદ્‌ગુરુના શુભાશીર્વાદ છે. જેણે વિદ્યાપ્રાપ્તિ અર્થે અસંખ્ય ગુરુઓને બાહ્યાડંબરથી ઠગ્યા હોય છે તે ગુરુદ્રોહી શિષ્ય ગમે તેટલો દક્ષ હોવા છતાં કોઈના પણ આશીર્વાદ પામી શકતો નથી. શુભકામના ભિન્ન છે અને શુભાશીર્વાદ ભિન્ન છે. સંતો સર્વના શુભચિંતક હોવાથી સર્વને અર્થે શુભાકાંક્ષા રાખે છે પરંતુ આશીર્વાદ તો કોઈ સત્પાત્રને સ્વાભાવિક રીતે જ આપે છે. સંતો જ્યારે અનુકમ્પાથી દ્રવી જાય છે ત્યારે અપાત્રને પણ આશીર્વાદ આપી દે છે. જોકે એ આશીર્વાદની સિદ્ધિ પાત્રતા આવ્યા પછી જ થાય છે. આ દૃષ્ટિએ એવું કહી શકાય કે સંતોના આશીર્વાદો કદાપિ નિષ્ફલ જતા નથી, વહેલા અથવા મોડા ફળે છે જ. શુભ કામનામાં 'હું તારું કલ્યાણ ઇચ્છું છું'' એમ કહેવામાં આવે છે અને આશીર્વાદમાં મૂક

રહીને કે બોલીને તેનું કલ્યાણ થાય તેવી શક્તિ પ્રદાન કરવામાં આવે છે.

એકલવ્ય જેટલા ઉત્સાહથી હસ્તિનાપુર આવ્યો હતો તેના કરતાં અનંત ગણા ઉત્સાહથી પાછો ફર્યો. સ્વસ્થાને આવ્યા પછી તેણે દિવસ-રાત એક કરી પોતાના પ્રિય ગુરુદેવની માટીની મૂર્તિ બનાવી. જ્યાં સુધી બિંબ ઉપસ્થિત હોય છે ત્યાં સુધી જ આંખ અને અરીસામાં પ્રતિબિંબ રહે છે પરંતુ સ્મૃતિમાં તો બિંબની અનુપસ્થિતિ પછી પણ પ્રતિબિંબ રહે છે. સ્નેહ સ્મૃતિને ગ્રહણશીલ અને વિકસિત બનાવે છે. એકલવ્ય ગુરુની મૂર્તિ બનાવતાં બનાવતાં ગુરુમય બની ગયો હતો. તેની સ્મૃતિમાંથી, નેત્રોમાંથી, મન-બુદ્ધિમાંથી અને હાથની આંગળીઓમાંથી ગુરુનું સ્વરૂપ સ્રવતું હતું અને માટીમાં સ્થિર થઈ જતું હતું. તેણે મૂર્તિ નહોતી બનાવી. બીજા દ્રોણાચાર્યજી જ બનાવ્યા હતા. તેના મનના કોઈ પણ ભાગમાં 'આ માટીની મૂર્તિ છે' એવો સંસ્કાર નહોતો.

શ્રદ્ધા જ્ઞાનનું અને જ્ઞાન શ્રદ્ધાનું બીજ છે. જે જ્ઞાન શ્રદ્ધોન્મુખ અને શ્રદ્ધા જ્ઞાનોન્મુખ હોય તે જ સત્યનો સાક્ષાત્કાર કરી શકે છે. એવું પણ કહી શકાય કે શ્રદ્ધા જ્ઞાનનું અને જ્ઞાન શ્રદ્ધાનું પ્રતિનિધિત્વ કરે છે. જ્ઞાનનો વિદ્વેષ કરનારી શ્રદ્ધા અંધશ્રદ્ધા છે અને શ્રદ્ધાનો વિદ્વેષ કરનારું જ્ઞાન અજ્ઞાન જ છે.

એકલવ્યે નિર્જન વનના એકાન્તમાં સુયોગ્ય સ્થાને ગુરુની પ્રતિમાને પ્રસ્થાપિત કરી ધનુર્વિદ્યાનો અભ્યાસ આરંભ્યો. તેણે આહાર અને નિદ્રા સ્વલ્પ કરી નાખ્યાં હતાં. તે પ્રતિદિન બ્રહ્મમુહૂર્તમાં ઊઠતો, શૌચ-સ્નાનાદિથી નિવૃત્ત થઈ વનપુષ્પો ચૂંટતો પછી પ્રતિમા સમીપ જતો. ત્યાં બેસી પૂજન, પ્રાર્થના તથા વંદના

કરતો. અંતમાં ધનુષ-બાણ હાથમાં લઈ અભ્યાસ આરંભી દેતો. તે ગુરુજીને પ્રત્યક્ષ માની પૂછતો – આજનો અભ્યાસ ક્યાંથી આરંભું ?

તેનો ઉત્તર તો સ્વ-અંતઃકરણના ઊંડાણમાંથી જ પ્રાપ્ત થતો હતો. છતાં તેને એવો આભાસ થતો હતો કે પોતાની સંમુખ બેઠેલા ગુરુજી જ આદેશ કરી રહ્યા છે. બહિર્મુખતા અજ્ઞાનની અને અંતર્મુખતા જ્ઞાનની જનેતા છે. જેને અંતર્મુખતા પ્રાપ્ત કરતાં આવડે છે તે યોગી છે અને જેને બહિર્મુખતામાંથી બહાર નીકળતાં આવડતું નથી તે ભોગી છે.

તે પછી વચમાં કેટલોક કાળ વીતી ગયો.

એક દિવસે ગુરુજીની અનુમતિ પ્રાપ્ત કરી કૌરવ-પાંડવોએ મૃગયા અર્થે વન પ્રતિ પ્રયાણ કર્યું. આચાર્યજી પણ તેમની સાથે જ હતા. મૃગયામાં ઉપયોગી થાય એવી સામગ્રી ઊંચકી એક રાજસેવક તેમના રથોની પાછળ પગપાળો ચાલી નીકળ્યો હતો. તેની સાથે એક કૂતરો પણ હતો. રાજકુમારો અરણ્યમાં હિંસક પ્રાણીની શોધમાં આમતેમ વિચરી રહ્યા હતા. તે સમયે પેલો કૂતરો જ્યાં નિષાદકુમાર એકલવ્ય ધનુર્વિદ્યાનો અભ્યાસ કરી રહ્યો હતો ત્યાં જઈ ચઢ્યો. તે તેનું કાળું મૃગચર્મ, કાળું શરીર અને માથા પરની જટા જોઈને જોરથી ભસવા લાગ્યો. અભ્યાસમાં વિક્ષેપ ઊભો થવાથી એકલવ્યે સ્ફૂર્તિથી એક પછી એક સાત બાણ મારી તેના મુખને ભરી દીધું. તે બાણોથી તેને કોઈ પણ પ્રકારની શારીરિક હાનિ થઈ નહોતી. તે ભસતો બંધ પડી ગયો અને ભયભીત બની જ્યાં પાંડવો હતા ત્યાં ચાલ્યો ગયો.

કૂતરા પર સર્વપ્રથમ અર્જુનની દૃષ્ટિ પડી. તે અત્યંત વિસ્મય પામ્યો. તેણે પોતાના સમસ્ત ભાઈઓનું ધ્યાન તેના પ્રતિ

આકર્ષ્યું. તેનાથી બોલી પડાયું – "વાહ વાહ ! બાણોથી કૂતરાનું મુખ બંધ કરનાર ધનુર્ધરના હાથની સ્ફૂર્તિ અને તેનું શબ્દવેધિત્વ ખરેખર પ્રશંસનીય છે. મારે સ્વીકારી લેવું જોઈએ કે મારામાં આવું સામર્થ્ય નથી. તે ધનુર્ધર આટલામાં જ હોવો જોઈએ. ચાલો, આપણે તેને શોધી કાઢીએ."

તરત જ બાંધવોની સેના તે વનવાસી વીરની શોધમાં નીકળી પડી. તેઓ શોધતા શોધતા જ્યાં એકલવ્ય ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતો હતો ત્યાં આવી પહોંચ્યા. બધાએ તેને હસ્તિનાપુરમાં જોયો હતો પરંતુ તેનું સ્વરૂપ બદલાઈ ગયેલું હોવાથી તેને કોઈ એકદમ ઓળખી ન શક્યું. અર્જુને પૂછ્યું – "નિષાદકુમાર ? તમારો પરિચય ?"

"હું નિષાદરાજ હિરણ્યધનુનો પુત્ર અને દ્વિજશ્રેષ્ઠ દ્રોણાચાર્યજીનો શિષ્ય છું. મારું નામ એકલવ્ય. હું ધનુર્વિદ્યાનો અભ્યાસી છું."

રાજકુમારોએ તેની વિદ્યાની, તેના શ્રમની તથા તેના વિદ્યા-પ્રેમની મુક્ત કંઠે પ્રશંસા કરી વિદાય લીધી અને વિશ્રાન્તિસ્થાન પર પહોંચી તેમણે આચાર્યજીને ઘટના કહી સંભળાવી. તે પછી બધા ચાલ્યા ગયા. માત્ર એકલો અર્જુન જ મ્લાન મુખે ગુરુસમીપ ઊભો રહ્યો. તેના ઊભા રહેવાનું કારણ તો તેઓ કળી ગયા હતા, છતાં પૂછ્યું – "બેટા ! તારે કાંઈ કહેવું છે ?"

તે ભૂમિ પર બેસી પડ્યો. તેણે ગુરુનાં ચરણોને પકડી રડવા માંડ્યું. બોલ્યો – "ગુરુજી ! આપે એક રાતે મને હૃદયસરસો ચાંપી વરદાન આપ્યું હતું કે હું તને મારા સર્વ શિષ્યોમાં શ્રેષ્ઠ બનાવીશ, છતાં નિષાદકુમાર એકલવ્ય મારાથી અધિક પરાક્રમી કેમ છે ?"

તેઓ થોડીક ક્ષણો મૂક રહ્યા. પછી તેના બે હાથ ઝાલી તેને ઊભો કર્યો. આલિંગન આપ્યું, બોલ્યા – "ચાલ, જ્યાં નિષાદકુમાર અભ્યાસ કરે છે ત્યાં મને લઈ જા."

તે આગળ આગળ ચાલવા લાગ્યો અને આચાર્યજી તેની પાછળ ચાલવા લાગ્યા. જેમ જેમ સ્થાન સમીપ આવતું ગયું તેમ તેમ ધનુષ્યની પ્રત્યંચાનો ટંકાર સ્પષ્ટ સંભળાતો ગયો. એકલવ્ય ગુરુને દૂરથી આવતા અવલોકી પ્રસન્ન બની ગયો, તે ઉતાવળે પગલે સામે ગયો અને તેણે તેમનાં શ્રીચરણો પર પોતાનું મસ્તક મૂકી દીધું. તેની આંખોમાંથી હર્ષની ગંગા-યમુના વહેવા લાગી. તે ગદ્‌ગદ્ કંઠે બોલ્યો – "ગુરુદેવ ! આપે શ્રીચરણોને કષ્ટ આપી આ દીન શિષ્યને દર્શન દીધાં છે તે આપની શિષ્યવત્સલતા જ છે."

તેના ભાવભર્યા આદરથી આચાર્યજી અને અર્જુનની આંખો પણ અશ્રુભીની બની ગઈ. આચાર્યજી સ્વગત વિચારતા હતા – "આ જન્મનો શૂદ્ર ગતજન્મનો બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય પણ હોઈ શકે છે. વ્યક્તિના વર્તમાન જન્મમાં જે વર્ણના સંસ્કારોની વિપુલતા દૃષ્ટિગોચર થાય તેને તે જ વર્ણનો માનવો જોઈએ."

એકલવ્ય બંને જણને પોતાની પર્ણકુટી પર લઈ ગયો. આચાર્યજીની દૃષ્ટિ પોતાની પ્રતિમા પર પડી. જાણે તેમણે શિષ્યની ગુરુભક્તિનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં. તેમના અંતઃકરણમાં વાત્સલ્યનાં વારિ ઝરવા લાગ્યાં.

એકલવ્યે ગુરુની વિધિપૂર્વક પૂજા કરી. અંતમાં પ્રણામ કર્યા. આચાર્યજીએ આશીર્વાદ આપતાં કહ્યું – "વત્સ ! કલ્યાણ હો !"

થોડી ક્ષણો મૂક રહી તેમણે પૂછ્યું – "શું તું મને ગુરુ માને છે ?"

"હા જી."

"તો ગુરુદક્ષિણા આપ."

યાચે તે યાચક, આ પરિભાષા સર્વાંશે સત્ય નથી. યાચનામાં યાચકનું આત્મસમર્પણ પણ સંભવી શકે છે. એકલવ્યે ગુરુનાં વચનો સાંભળી ગૌરવ અનુભવ્યું – "ગુરુદેવ ! હું આપને શું સમર્પું ? કાંઈ સૂઝતું નથી. કૃપા કરીને આપ સ્વયં જ આજ્ઞા કરો. મારી પાસે આપને અર્થે અદેય હોય એવું કાંઈ નથી."

"ગુરુદક્ષિણામાં તું મને તારા જમણા હાથનો અંગૂઠો કાપી આપ."

આ આજ્ઞા સાંભળી તેના મનમાં ન થયો ક્ષોભ કે ન થયો સંકોચ. તેણે પ્રસન્નવદને તે જ ક્ષણે હાથનો અંગૂઠો કાપી ગુરુચરણમાં મૂકી દીધો. અર્જુન વામણો બની ગયો. તેને લાગ્યું, 'પોતાનો ગુરુબન્ધુ વિદ્યા, સમર્પણ અને ગુરુભક્તિમાં પોતાથા અનેક ગણો શ્રેષ્ઠ છે. તેનું સ્થાન સદા માટે સર્વોચ્ચ રહેવા સર્જાયું છે.' તેણે ઉતાવળથા તેના અંગૂઠા પર પાટો બાંધી વહેતું રક્ત બંધ કર્યું.

ગુરુએ એકલવ્યને પૂછ્યું – "બેટા ! મારી આજ્ઞાથી તને દુઃખ તો નથી થયું ને ?"

'પોતાના મનની વાત કહેવી કે ન કહેવી' તેના નિર્ણય અર્થે તે થોડી ક્ષણો મૂક રહ્યો. પછી તેણે હોઠ ઉઘાડ્યા – "ગુરુજી ! હું આપના સમક્ષ સત્ય જ બોલીશ. મને અપાર દુઃખ થયું છે, કારણ કે આપે મારા આખા શરીરમાંથી માત્ર જમણા હાથનો એક અંગૂઠો જ માગ્યો છે. હું તો આપને મારું સમસ્ત શરીર સમર્પી ચૂક્યો છું. અંગૂઠો કાપી આપી મેં આપને ગુરુદક્ષિણા

નથી આપી. આપની જમા થાપણમાંથી તેનો સ્વલ્પ અંશ જ આપ્યો છે. શેષ થાપણ પણ આપ જ્યારે આજ્ઞા કરશો ત્યારે આપનાં શ્રીચરણોમાં સમર્પી દઈશ."

આચાર્યજીએ ઊભા થઈ એકલવ્યને બાથમાં લઈ લીધો. તેનું મસ્તક વારંવાર સૂંઘ્યું.

તે બોલ્યો – "ગુરુદેવ, આપ અતિઉદાર છો. તુચ્છ અંગૂઠાના બદલામાં આપે મને ઘણું આપી દીધું છે. જેનો ભાર પણ મારાથી ઊંચકી શકાતો નથી. આપ બ્રહ્મવેત્તા છો, મહાન યોદ્ધા પણ છો, આપનાથી કાંઈ પણ અજ્ઞાત નથી. આપ મારા તુચ્છ અંગૂઠાને આટલું બધું મહત્ત્વ કેમ આપો છો ? તેને જો મારા કોઈ શત્રુએ પોતાનાં તીક્ષ્ણ બાણોથી વીંધી નાખ્યો હોત તો ?"

ગુણદૃષ્ટિ તુચ્છ વ્યક્તિને મહાન અને દોષદૃષ્ટિ મહાન વ્યક્તિને પણ તુચ્છ બનાવી દે છે. ગુણદૃષ્ટિમાં સ્નેહ અને દોષ-દૃષ્ટિમાં દ્વેષ નિવાસ કરે છે. આચાર્યજીએ જતી વેળાએ તર્જની અને મધ્યમા અંગુલિઓ ભેગી કરી બાણ કેવી રીતે પકડવું અને પણછ કેવી રીતે ખેંચવી તે સંકેતથી સમજાવી દીધું.

આ ઘટના બન્યા પછી એકલવ્ય પૂર્વવત્ પ્રતિદિન અભ્યાસ તો કરતો હતો, પરંતુ તે પૂર્વ જેટલી શીઘ્રતાથી બાણવર્ષા કરી શકતો ન હતો. "શું આચાર્યજીએ એકલવ્યને અન્યાય કર્યો હતો ?"

ના, જ્યારે મનુષ્ય પોતાના મસ્તક પર પડતા પ્રહારને પોતાના જ હાથ પર ઝીલી લે છે ત્યારે શું તે હાથને અન્યાય કરે છે ? હાથ અને મસ્તક આ બંને તેનાં પોતાનાં છે. હાથ પર પ્રહાર થાય કે મસ્તક પર, દુઃખ તો સમાન જ થવાનું છે, તથાપિ હાથ મસ્તકનું પ્રતિનિધિત્વ કરી પોતાની સમાનતા સિદ્ધ કરે છે,

તે તેને માટે ઓછા ગૌરવની વાત નથી. એનાથી હાથની મહત્તા ઘટતી નથી, વધે છે. મસ્તક બ્રાહ્મણ છે, હાથ ક્ષત્રિય. ક્ષત્રિયે બ્રાહ્મણની રક્ષા કરવી જ જોઈએ. શ્રેષ્ઠતમની સંરક્ષા અર્થે શ્રેષ્ઠની આહુતિ આપવી – આ સર્વસામાન્ય સિદ્ધાંત છે.

આ દૃષ્ટાંત દ્વારા એ સિદ્ધ થાય છે કે કેવલ ગુરુમૂર્તિની આરાધના દ્વારા ગમે તે મહાવિદ્યા સંપ્રાપ્ત કરી શકાય છે. નિષાદકુમારના અંતઃકરણમાં પોતાના સદ્‌ગુરુ પ્રત્યે અપાર શ્રદ્ધા હતી. તેની તે શ્રદ્ધા જ માટીની જડ મૂર્તિને ચેતન બનાવી દેતી હતી, અર્થાત્ ભાવદૃષ્ટિમાં તેને ગુરુ પ્રત્યક્ષ જણાતા હતા. આનો અર્થ એ જ કરી શકાય કે મૂર્તિના ઉદ્દીપનથી તેનો ભક્તિભાવ એટલો તો ઉદ્દીપ્ત થઈ ઊઠતો હતો કે તે જડ મૂર્તિને સ્થાને ચેતન ગુરુને જ પ્રત્યક્ષ જોતો હતો. આ અવસ્થા ધ્યાનની જ અવસ્થા છે. યોગીને ધ્યાન દ્વારા ઋતંભરા પ્રજ્ઞા – ઇન્દ્રિયાતીત જ્ઞાન –ની પ્રાપ્તિ થાય છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં શ્રી ભગવાને ઉપદેશ્યું છે – "અયોગીની બુદ્ધિ અસ્થિર હોવાથી તે સ્થિર નિશ્ચય કરી શકતો નથી, સ્થિર નિશ્ચયના અભાવના અંગે તેના મનમાં ભાવ સ્થિર થતો નથી અને ભાવની અસ્થિરતાને અંગે તેને શાન્તિ પ્રાપ્ત થતી નથી. એવા અશાન્તને સુખનો અનુભવ શી રીતે થાય ?" સ્થિર ભાવ કેવલ ભક્તિયોગમાં જ ઉપયોગી છે, એવું નથી, જ્ઞાનયોગ અને કર્મયોગમાં પણ ઉપયોગી છે. હા, તે ભાવોનાં સ્વરૂપો ભિન્ન ભિન્ન છે.

જોકે આજે સામાન્ય સમાજમાં પણ કેટલાક વૈજ્ઞાનિકો મનોવિજ્ઞાનના કેટલાક આશ્ચર્યજનક પ્રયોગો કરી બતાવે છે, તેમાં પણ ભાવની સ્થિરતા ઉપજાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે વિધાયક વિધેયના હસ્તમાં બરફનો ટુકડો મૂકી તેને પ્રેરણા આપે છે – "આ સળગતો અંગારો છે." તે સાથે જ તે તેને અંગારો

માની ફેંકી દે છે. તેની હથેળીમાં દાઝ્યાનું ચિહ્ન પણ દૃષ્ટિગોચર થાય છે. આ પણ સ્થિર ભાવનું જ પરિણામ છે. પરંતુ અહીં એ સ્મરણીય છે કે સ્વેચ્છિત સ્વતંત્ર ધ્યાનમાં અને પરપ્રેરિત પરતંત્ર ધ્યાનમાં મહદંતર છે. પ્રથમ ધ્યાન સંપૂર્ણ કલ્યાણકારક છે અને દ્વિતીય ધ્યાન જો કોઈ શુભેચ્છક વ્યક્તિ દ્વારા પ્રાપ્ત થયું હોય તો તે સ્વલ્પ અંશે હિતકર છે. મૂર્તિપૂજામાં ભાવની સ્થિરતાને અંગે મૂર્તિ વિધાયક અને પૂજક વિધેય બની જાય છે. અર્થાત્ પૂજકને પ્રેરણા તો પોતાના અંતઃકરણમાંથી જ પ્રાપ્ત થાય છે તથાપિ તે તેને મૂર્તિમાંથી પ્રાપ્ત થતી અનુભવે છે – આમ મૂર્તિ-પૂજામાં અજ્ઞાન નથી, યોગવિજ્ઞાન છે.

જો સ્વપ્નમાં કોઈ કલ્પિત ભાવ સ્થિર થાય છે તો તેનો પ્રભાવ શરીર પર પણ પડે છે. જો તેમાં ભયનો ભાવ સ્થિર થયો હોય છે તો સ્વપ્નસ્થ વ્યક્તિનું શરીર ધ્રુજી ઊઠે છે અને તે કારમો ચિત્કાર પણ કરે છે. સંક્ષેપમાં એવું કહી શકાય કે જ્યારે ભાવ વ્યક્તિના અંતઃકરણના ઊંડાણમાંથી તેની સપાટી પર આવે છે ત્યારે તે કોઈ ને કોઈ આશ્ચર્યનું સર્જન કરે છે. ચમત્કાર 'આશ્ચર્ય'નો જ પર્યાય છે. એક શાસ્ત્રમાં ભાવમાહાત્મ્ય આ રીતે દર્શાવ્યું છે – દેવ, તીર્થ, સંત, મંત્ર, જ્યોતિષી અને ગુરુમાં જેવી જેની ભાવના હોય છે તેવી તેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

જો આ પ્રવચન આપને સ્વલ્પ પણ ઉપયોગી થઈ પડશે તો હું મારાં વર્ષોના પરિશ્રમને સાર્થક થયેલો માનીશ.

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखमाप्नुयात् ॥

આપનો પ્રિય
–કૃપાલુ

અમારાં પ્રકાશનો

			રૂા. પૈ.
૧	આસન અને મુદ્રા	લે. : સ્વામી કૃપાલ્વાનન્દજી	૭૫–૦૦
૨	ધ્યાનવિજ્ઞાન	,, ,, ,,	૧૫–૦૦
૩	યોગાનુભૂતિ – ભાગ ૧	લે. : શ્રી રાજર્ષિ મુનિજી	૪–૦૦
૪	યોગાનુભૂતિ – ભાગ ૨	,, ,, ,,	૫–૦૦
૫	ગુરુવચનામૃત – દ્વિતીય શતક	લે. : સ્વામી કૃપાલ્વાનન્દજી	૪–૫૦
૬	ગીતાગુંજન – સમશ્લોકી ભાષાન્તર	,, ,, ,,	૩–૫૦
૭	ગોપીભાવનાં ભજનોનું ભાવદર્શન	,, ,, ,,	૫–૦૦
૮	શ્રી ગુરુપ્રસાદી	,, ,, ,,	૩–૫૦
૯	પ્રેમધારા (ભજનસંગ્રહ)	,, ,, ,,	૪–૫૦
૧૦	વંદના – શ્રી કૃપાલુ અભિવાદન ગ્રંથ (સંકલિત)		૧૫–૦૦

પ્રાપ્તિસ્થાન :

શ્રી કાયાવરોહણ તીર્થ સેવા સમાજ
મુ. કાયાવરોહણ ૩૯૧ ૨૨૦
જિ. વડોદરા

શ્રી કૃપાલુ આશ્રમ
મલાવ
જિ. પંચમહાલ